R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2020. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2020 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૦ ● તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ● અંક નં. ૩

# રોજગાર સમાચાર

તંત્રી : નલિન ઉપાધ્યાય

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી ● કાર્યવાહક સંપાદક : આર. આર. તુરી ● સહ સંપાદક : મિનેષ ત્રિવેદી , પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક ₹ 30/- છે. લવાજમ માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂંક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

To,

Advertisement No. RC/1434/2017 (4)

## હાઇકોર્ટ ઓફ ગુજરાત

સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦

વેબ સાઇટ્સઃ https://hc-ojas.guj.nic.in તથા www.gujarathighcourt.nic.in

જાહેરાત ક્રમાંકઃ આર.સી./૧૪૩૪/૨૦૧૭ (૪)

## ગુજરાત રાજ્યની નીચલી અદાલતોમાં 'ડ્રાઇવર'ની ભરતી

| ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો | | |
|---|---|---|
| ઓનલાઇન અરજી કરવાની શરુ થતી તારીખ અને સમય | તા.૨૬/૦૨/૨૦૧૮ | બપોરે ૧૨.૦૦ કલાકથી |
| ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૫/૦૩/૨૦૧૮ | રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી |
| **યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ** (નોંધઃ અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઇકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે) | | |
| હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | તા.૨૯/૦૪/૨૦૧૮ | |
| ડ્રાઇવીંગ ટેસ્ટ | જૂન–૨૦૧૮ | |
| નોંધઃ ઓનલાઇન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોઇ, સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઇન અરજી કરવી હિતાવહ છે.** | | |
| ઓનલાઇન અરજી તેમજ કોલ લેટર ડાઉનલોડ કરવા માટેની વેબસાઇટ https://hc-ojas.guj.nic.in | | |

ઓનલાઇન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે હાઇકોર્ટ ખાતે ફોન ન કરતા, નીચે મુજબની વેબસાઇટ સમયાંતરે જોતા રહેવુ.
**https**://hc-ojas.guj.nic.in તથા **www.gujarathighcourt.nic.in**

ગુજરાત હાઇકોર્ટ દ્વારા ગુજરાત રાજ્યની નીચલી અદાલતો હસ્તકની 'ડ્રાઇવર'ની કુલ–૨૪ જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઇન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

**૧. (ક) કક્ષા/કેટેગરી જગ્યાની સંખ્યાઃ**

| કક્ષા/કેટેગરી | | | | કુલ જગ્યા |
|---|---|---|---|---|
| સામાન્ય | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સા.શૈ.પ.વર્ગ | |
| ૨૧ | ૧ | ૧ | ૧ | ૨૪ |

(૧) **ડ્રાઇવરની ફરજ/કામગીરીનો પ્રકાર જોતા 'અશકત' ઉમેદવારો અરજી કરી શકશે નહીં.**

(૨) જિલ્લાદીઠ જુદા–જુદા સંવર્ગમાં ખાલી જગ્યાની સંખ્યા દર્શાવતુ પત્રક **એનેક્ષર–'એ'** આ સાથે પાના નં.૨૧ ઉપર સામેલ છે.

(૩) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર હાઇકોર્ટને રહેશે.

**(ખ) પગાર ધોરણ (૭ મા પગારપંચ પ્રમાણે) :– રૂા.૧૯,૯૦૦–૬૩,૨૦૦/–**

**૨. અનામતઃ**

**(ક)** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિકના કિસ્સામાં અનામત અંગે સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઇઓ/ નીતિઓ લાગુ પડશે.

**(ખ)** ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

**૩. યોગ્યતા/લાયકાત અંગેના ધોરણોઃ**

**(ક) જરૂરી લાયકાતઃ** (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.**૧૫/૦૩/૨૦૧૮** ના રોજ)

(૧) સરકાર માન્ય બોર્ડમાંથી ધોરણ–૧૨ કે તેને સમકક્ષ સરકાર માન્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.

(૨) ઉમેદવાર જે તે સમયે ૩ વર્ષ જુનુ માન્ય **લાઇટ અને/અથવા હેવી મોટર ડ્રાઇવીંગ લાઇસન્સ** ધરાવતા હોવા જોઇએ.

(૩) ઉમેદવાર સરકારી/ખાનગી સંસ્થા કે વ્યક્તિગત ડ્રાઇવીંગનો અંદાજે ૫ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

(૪) ઉમેદવાર વાહન વ્યવહારને લગતી નિશાનીઓ, ઇશારા (ટ્રાફીક સાઇન, ટ્રાફીક સિગ્નલ, હાથના ઇશારા) તેમજ વાહનની જાળવણી, સારસંભાળ અને મરામત વિગેરેને લગતુ પાયાનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૫) જે ઉમેદવાર વાહનની મરામત અને મીકેનીઝમ અંગેની આવડત ધરાવતા હશે તે ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

(૬) પુરુષ ઉમેદવાર ૧૬૨ સે.મી. ઉંચાઇ ધરાવતા હોવા જોઇએ.(અનુ.જનજાતિના ઉમેદવારો ૧૫૮ સે.મી. ઉંચાઇ ધરાવતા હોવા જોઇએ) તથા ઉમેદવાર ૫ સે.મી. છાતી ફુલાવ્યા બાદ ૮૪ સે.મી. થી ઓછી છાતી ધરાવતા ન હોવા જોઇએ.

(૭) સ્ત્રી ઉમેદવાર ૧૫૮ સે.મી. ઉંચાઇ ધરાવતી હોવી જોઇએ.
(અનુ.જનજાતિની સ્ત્રી ઉમેદવાર ૧૫૫ સે.મી. ઉંચાઇ ધરાવતી હોવી જોઇએ).

(૮) ઉમેદવાર ચશ્મા સહિત કે ચશ્મા રહિત એકંદરે સ્પષ્ટ અને તંદુરસ્ત દ્રષ્ટી ધરાવતા હોવા જોઇએ તથા ઉમેદવારને રતાંધણાપણા/રંગઅંધત્વની ખામી ન હોવી જોઇએ.

(૯) ઉમેદવાર ત્રાંસી નજર, ઝામર અને/અથવા એક જ આંખ (એક જ આંખ કાર્યરત) ધરાવતા ન હોવા જોઇએ.

(૧૦) ઉમેદવાર સરકાર દ્વારા નિયત કર્યાનુસાર કોમ્પ્યુટર અંગેનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
(ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩–૮–૨૦૦૮ ના ઠરાવ મુજબ)

(૧૧) ઉમેદવારને **અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાનુ પુરતુ જ્ઞાન** હોવુ જોઇએ.

**(ખ) વયમર્યાદાઃ–** (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા. **૧૫/૦૩/૨૦૧૮** ના રોજ)

| ન્યુનતમ વયમર્યાદા | મહત્તમ વયમર્યાદા |
|---|---|
| ૨૩ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

**(ગ) વયમર્યાદામાં છૂટછાટઃ–**

(૧) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો, મહિલા અને માજી સૈનિક ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઇઓ / નીતિઓ અનુસાર નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| કક્ષા/કેટેગરી | છુટછાટ | માજી સૈનિક | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે |
|---|---|---|---|
| સામાન્ય | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૩ વર્ષ | રાજ્ય સરકારના કર્મચારીઓને નીચે (ગ) (૨) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | | |
| અનુસૂચિત જાતિ | ૫ વર્ષ | | |
| અનુસૂચિત જનજાતિ | ૫ વર્ષ | | |
| સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગ | ૫ વર્ષ | | |

(૨) રાજ્ય સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશેઃ

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પુરો કરેલ સમયગાળો બન્નેમાંથી જે ઓછુ હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

**દા.ત.** કોઇ ઉમેદવારે નોકરીમાં ૪ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં ૪ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. પરંતુ જો કોઇ ઉમેદવારે નોકરીમાં ૬ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં મહત્તમ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે, એટલે કે વધુમાં વધુ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

(અનુસંધાન પાના નંબર-૨ ઉપર)

(અનુસંધાન પાના નંબર ૧ ઉપરનું ચાલુ)

**નોંધઃ ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનોલાભ મેળવ્યા બાદ, ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.૧૫/૦૩/૨૦૧૮ ના રોજ કોઇપણ ઉમેદવારની વય/ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી ન જોઇએ.**

## ૪. ફી અને ફી ભરવાની રીતઃ

**(ક) ફીઃ–** ઉમેદવારે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| સામાન્ય | અ.જા./અ.જ.જા./સા. અને શૈ.પ. વર્ગ/માજી સૈનિક ઉમેદવારો માટે | ફી ભરવાનો સમયગાળો |
|---|---|---|
| રૂા.૩૦૦/– + બેંક ચાર્જીસ | રૂા.૧૫૦/– + બેંક ચાર્જીસ | તા.૨૬/૦૨/૨૦૧૮ થી તા. ૧૫/૦૩/૨૦૧૮ દરમિયાન |

**(ખ) ફી ભરવાની રીતઃ–**

(૧) ઉમેદવારે **HC–OJAS** પોર્ટલ પર ઉપલબ્ધ '**પ્રિન્ટ એપ્લીકેશન/પે–ફી**' મેનુ બટન દ્વારા '**SBI e–pay**' થી ફી ભરવાની રહેશે. ઉમેદવારે ત્યાં આપેલ '**Instruction/Help**' ને ધ્યાનપૂર્વક વાંચી અને સમજી લેવી. ફી બે ઓપ્શન દ્વારા ભરી શકાશે. (૧) ઓનલાઇન પેમેન્ટ મોડ, (૨) ઓફ લાઇન પેમેન્ટ મોડ ('**SBI e–pay**' દ્વારા કેશ ચલણ ઓનલાઇન જનરેટ થશે)

**(અ) ઓનલાઇન પેમેન્ટ મોડઃ**

'**SBI e–pay**' દ્વારા નેટ બેન્કીંગ, ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, મોબાઇલ બેન્કીંગના માધ્યમથી ઓનલાઇન ફી ભરી શકાશે.

ઓનલાઇન પેમેન્ટ મોડથી ફી ભર્યા બાદ ઇ–રીસીપ્ટ મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા સમયે ઉમેદવારે રજુ કરવાની રહેશે. જો કોઇ કારણોસર ટ્રાન્જેક્શન/પેમેન્ટ નિષ્ફળ થાય તો તે ત્યાં આપેલ '**Instruction/Help**' નુ પાલન કરો.

**નોંધ :** *ઇ–રીસીપ્ટ જે તે સમયે જ જનરેટ થતી હોવાથી તેની હાર્ડ કોપી અને સોફ્ટ કોપી સાચવીને રાખવી ત્યારબાદ ફરીથી મેળવી શકાશે નહી, તેની ખાસ નોંધ લેવી.*

**(બ) ઓફ લાઇન પેમેન્ટ મોડઃ**

જો ઉમેદવારે '**કેશ ચલણ (ઓફ લાઇન)**' ઓપ્શન સીલેક્ટ કરેલ હોય તો, 'કેશ ચલણ' પ્રિન્ટ કરી, ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં **SBI** ની કોઇપણ બ્રાન્ચમાં જરૂરી ફી ભરવાની રહેશે.

ચલણની એક કોપી બેંક લઇ લેશે અને બીજી કોપી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે પરીક્ષા સમયે રજૂ કરવાની રહેશે.

**નોંધઃ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(૨) ઉમેદવારે ઇ–રીસીપ્ટ કે કેશ ચલણની કોપી ભરતી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવીને રાખવી.

(૩) ઉમેદવારે કન્ફર્મ કરેલ 'ઓનલાઇન એપ્લીકેશન' ફક્ત ત્યારે જ માન્ય ગણાશે કે જ્યારે ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન '**SBI e–pay**' દ્વારા જરૂરી ફી ભરેલ હશે.

(૪) જે ઉમેદવારે નિયત સમયમર્યાદામાં ઓનલાઇન મોડ દ્વારા તા.૨૬/૦૨/૨૦૧૮ થી તા.૧૫/૦૩/૨૦૧૮ તથા ઓફ લાઇન મોડ દ્વારા ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ સુધીમાં યોગ્ય ફી ભરેલ હશે તે ઉમેદવારની અરજીને જ માન્ય ગણવામાં આવશે.

(૫) આ સિવાય અન્ય કોઇ માધ્યમ કે અન્ય બેંકમાં ભરેલ ફી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં અને જે તે ફી પરત પણ કરવામાં આવશે નહીં તેમજ અન્ય કોઇ જગ્યા માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) એક વખત ફી ભર્યા બાદ કોઇપણ સંજોગોમાં તે પરત કરવામાં આવશે નહીં. તેમજ અન્ય ભરતી પ્રક્રિયા માટે બદલી આપવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. તેથી ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો અને જો ઉમેદવાર યોગ્યતા ધરાવતા હોય તો જ ઉમેદવારે સૂચવ્યાનુસાર ફી ભરવી.

## નિમણુંક માટેની અયોગ્યતાઃ

નીચે મુજબની વ્યકિત નિમણુંક માટે અયોગ્ય ગણાશેઃ

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તે વ્યકિત,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઇપણ હાઇકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઇપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઇપણ વ્યકિત,

(૩) ભારત સરકાર, રાજ્ય સરકાર, જાહેર ક્ષેત્રના એકમો, સ્થાનિક સત્તામંડળો, યુનિવર્સિટી, કોર્પોરેશન, સહકારી મંડળીઓ, સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓ, સરકારી કંપનીઓ, સરકારી સાહસો, સરકારી ઉપક્રમો, સરકારી સંયુક્ત સાહસો, સરકારી સંસ્થાઓ, સરકારી સહાય મેળવતી સંસ્થાઓ, સરકારી નિયંત્રણ હેઠળની સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ કે સરકારી સત્તામંડળો કે જે ભરતી સત્તામંડળ (યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઇપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઇપણ વ્યકિત,

(૪) એવી કોઇપણ વ્યકિત કે જેને ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ–લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઇપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્નિ** ધરાવતો હોય અને એવી કોઇપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્નિ** ધરાવતો હોય,

## ૫. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

| ક્રમાંક | પરીક્ષાની વિગત | ગુણભાર | સમયગાળો |
|---|---|---|---|
| (ક) | હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | ૧૦૦ ગુણ | ૯૦ મિનિટ |
| (ખ) | ડ્રાઇવીંગ ટેસ્ટ | ૧૦૦ ગુણ | |

**(ક) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાઃ (સંભવિત તા. ૨૯/૦૪/૨૦૧૮)**

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા કુલ **૧૦૦ ગુણની** રહેશે.
(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.
(૩) દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ **૦.૩૩ નકારાત્મક ગુણ** રહેશે.
(૪) પરીક્ષાનો સમયગાળો ૧ કલાક અને ૩૦ મિનિટ(**૯૦ મિનિટ**) નો રહેશે.
(૫) અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| અ.નં. | વિષય |
|---|---|
| ૧ | ગુજરાતી ભાષા |
| ૨ | સામાન્ય જ્ઞાન |
| ૩ | ગણિત |
| ૪ | રમતગમત |
| ૫ | રોજબરોજની ઘટનાઓ |
| ૬ | કોમ્પ્યુટરનુ પાયાનુ જ્ઞાન |
| ૭ | વાહન/મોટરનું પાયાનુ જ્ઞાન |
| ૮ | વાહન–વ્યવહારના નિયમો/ટ્રાફીક રૂલ્સ |

(૬) 'અનુ.જાતિ', 'અનુ.જનજાતિ' અને 'સા.શૈ.પ.વર્ગ' જેવી અનામત કક્ષા તેમજ માજી સૈનિક હેઠળ આવતા જે ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઓછામાં ઓછા **૪૫ માર્કસ** મેળવશે, જ્યારે તે સિવાયના અન્ય ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઓછામાં ઓછા **૫૦ ગુણ** મેળવશે તેઓને જ ડ્રાઇવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(૭) જો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તીર્ણ થશે તો, નામદાર હાઇકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે 'ડ્રાઇવીંગ ટેસ્ટ' માટે યોગ્ય/લાયક ગણવામાં આવશે.

(૮) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય જિલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૯) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં જવાબવહી/ઉત્તરવહી તરીકે 'ઓ.એમ.આર. શીટ' આપવામાં આવશે, જેનુ મૂલ્યાંકન ઓ.એમ.આર. શીટ રીડર મશીન દ્વારા સ્કેન કરીને કરવામાં આવે છે. જે સંપૂર્ણ પ્રક્રિયા કોમ્પ્યુટર આધારિત હોઇ, ઓ.એમ.આર. શીટ રીચેકીંગ/રીએસેસમેન્ટ/ઇન્સ્પેકશન અંગેની કોઇપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

**(ખ) ડ્રાઇવીંગ ટેસ્ટઃ (સંભવિત માસ જૂન–૨૦૧૮)**

(૧) ડ્રાઇવીંગ ટેસ્ટ **કુલ ૧૦૦ ગુણ**ની રહેશે.

(૨) ડ્રાઇવીંગ ટેસ્ટ હાઇકોર્ટે નક્કી કરેલ ધારા–ધોરણ મુજબ લેવામાં આવશે.

જેમાં નીચે મુજબના મુદ્દા ધ્યાનમાં લેવામાં આવશે :

- Starting
- Forward Driving
- Turning
- Overtaking
- Reversing
- Parking
- Familiarity of Car Mechanics & Knowledge of Maintenance
- General, Manner & Attitude

(૩) ડ્રાઇવીંગ ટેસ્ટ **અમદાવાદ ખાતે** લેવામાં આવશે.

(૪) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે ડ્રાઇવીંગ ટેસ્ટમાં **ઉમેદવારોએ ઓછામાં ઓછા ૮૦ ટકા ગુણ** મેળવવાના રહેશે.

**(ગ) ઉમેદવારે ઉપર જણાવેલ વેબસાઇટ પરથી દરેક પરીક્ષાના એક સપ્તાહ અગાઉ કોલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.**

**(આ જાહેરખબર ફક્ત નિર્દેશ માટે છે વધુ વિગત માટે સંસ્થાની વેબસાઈટ જોવા વિનંતી.)**

# અન્ય જાહેરખબરો

**❍ એરઇન્ડિયા એક્સપ્રેસ લિમિટેડ**

જગ્યાનું નામ : કો-ઓર્ડિનેટર, મેનેજર ફ્લાઈટ ડિસ્પેચ મેનેજર, સિનિ. ઓફિસર ફ્લાઈટ ડિસ્પેચ, ઓફિસર-કોકપીટ/કેબીન, ક્રુ સીડ્યુલીંગ, આસિ. ટેકનિકલ લાયબ્રેરી, રૂટ મેનેજર, ઓફિસર-સેલ્સ, મેનેજર સિડ્યુલીંગ એન્ડ નેટવર્ક પ્લાનીંગ, ઓફિસર એરપોર્ટ સર્વિસ, સિનિ. આસિસ્ટન્ટ એરપોર્ટ સર્વિસ, સિનિ. ઓફિસર કેટરીંગ સર્વિસ.

જગ્યાની સંખ્યા : ૨૧

અરજી સ્વીકારવાની અંતિમ તા. ૧૭-૨-૧૮ થી ૧૫ દિવસ

વેબસાઈટ : www.airindiaexpress.in

**❍ રાષ્ટ્રીય પશુ જૈવ પ્રોદ્યોગિકી સંસ્થાન**

જગ્યાનું નામ : સાટન્ટિસ્ટ ઓફ ઈ અને ડી, ટેકનિકલ ઓફિસર

જગ્યાની સંખ્યા : ૫

અરજી સ્વીકારવાની અંતિમ તારીખ : ૧૯-૩-૧૮

વેબસાઈટ : www.niab.org.in

**❍ જવાહરલાલ સ્નાનકોતર આયુ વિજ્ઞાન શિક્ષા એવં અનુસંધાન સંસ્થાન : પોંડીચેરી**

જગ્યાનું નામ : પ્રોફેસર, એડિ. પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર, આસી. પ્રોફેસર, સિનિ. રેસિડેન્ટ, ટ્યુટર/કેમેસ્ટ્રેટર.

જગ્યાની સંખ્યા : ૫૨

અરજી સ્વીકારવાની અંતિમ તારીખ : ૧૬-૩-૧૮

વેબસાઈટ : www.jipmer.puducherry.gov.in

**❍ એએસસી યુનિટ અન્ડર જ્યુરિડીકશન હેટ ક્વાટર્સ ૧૬ કોપ્સ (એસ.ટી.)**

જગ્યાનું નામ : ફાયર એન્જિન ડ્રાઈવર, ફાયર મેન, ઈન્ડસ્ટ્રીયલ મજદૂર

જગ્યાની સંખ્યા : ૧૬

અરજી સ્વીકારવાની અંતિમ તા. ૧૭-૨-૧૮ થી ૩૦ દિવસ

વેબસાઈટ : www.indianarmy.inc.in

**❍ સોસાયટી ફોર એપ્લાઈડ માઈક્રોવેવ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ એન્ડ રિસર્ચ : મુંબઈ**

જગ્યાનું નામ : એકાઉન્ટ આસિસ્ટન્ટ, એડમિનિસ્ટ્રેટીવ આસીસ્ટન્ટ, લોઅર ડિવિઝન ક્લાર્ક ડ્રાઈવર

જગ્યાની સંખ્યા : ૮

અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૧૫-૩-૧૮

વેબસાઈટ : www.sameer.gov.in

**❍ એચક્યુ ૧૫ કોપ ઝોન યુનિટ્સ**

જગ્યાનું નામ : મજદૂર

જગ્યાની સંખ્યા : ૮

અરજી સ્વીકારવાની અંતીમ તા. ૧૭-૨-૧૮ થી ૨૧ દિવસ

**❍ આઈઆઈએમ લખનૌ**

જગ્યાનું નામ : એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસર, આસિ. એન્જિનિયર, આસિસ્ટન્ટ લોઅર ડિવિઝન ક્લાર્ક.

જગ્યાની સંખ્યા : ૧૦

અરજી સ્વીકારવાની અંતીમ તારીખ : ૧૯-૩-૧૮

વેબસાઈટ : www.iiml.ac.in

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા. ૧૭-૨-૨૦૧૮)

## સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીઅલ સીક્યોરિટી ફોર્સ - ૨૦૧૭માં કોન્સ્ટેબલ / ડ્રાઈવર અને કોન્સ્ટેબલ / ડીસીપીઓ (ડ્રાઈવર ફોર ફાયર સર્વિસ) માટેની ભરતી.

ભારતીય પુરૂષ નાગરિકો પાસેથી, કોન્સ્ટેબલ / ડ્રાઈવર અને કોન્સ્ટેબલ / ડ્રાઈવર-કમ-પંપ-ઓપરેટર (ડ્રાઈવર ફોર ફાયર સર્વિસીઝ)ની કામચલાઉ જગ્યાઓ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળમાં ભરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે જેનું પગાર ધોરણ સ્તર-૩ પે મેટ્રીક્સમાં (રૂા. ૨૧,૭૦૯-૬૯,૧૦૦/-) (પ્રી-રીવાઈઝ્ડ પે બેન્ડ-૧ રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ + ગ્રેડ પે રૂા. ૨૦૦૦/-) વત્તા લાગૂ પડતા અને નિયત ભથ્થાઓ જે વખતોવખત કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળે છે.

| જગ્યાનું નામ | શ્રેણી | | | | | |
|---|---|---|---|---|---|---|
| | યુઆર (એ) | એસસી (બી) | એસટી (સી) | ઓબીસી (ડી) | કુલ (ઈ) | ઈએસએમ (ઈ)ના ૧૦% |
| કોન્સ્ટેબલ / ડ્રાઈવર-ડાયરેક્ટ (હાલ ખાલી જગ્યાઓ) | ૧૭૬ | ૫૧ | ૨૫ | ૯૨ | ૩૪૪ | ૩૪ |
| કોન્સ્ટેબલ / (ડ્રાઈવર-કમ-પંપ-ઓપરેટર) એટલે કે ડ્રાઈવર ફાયર સર્વિસીઝ માટે)- ડાયરેક્ટ (હાલની ખાલી જગ્યાઓ) | ૫૪ | ૧૫ | ૦૭ | ૨૭ | ૧૦૩ | ૧૦ |

ઓનલાઈન અરજી જ્યારે જમા કરતા ઉમેદવારો જે નીચેની યોગ્યતા શરતો પૂર્ણ કરે છે તેઓને માન્ય ગણવામાં આવશે :

**વય (૧૯.૩.૨૦૧૮ના રોજ)** - ૨૧ અને ૨૭ વર્ષ વચ્ચે છૂટછાટ પાત્ર :-

i) ૫ વર્ષ એસસી/એસટી ઉમેદવારો માટે

ii) ૩ વર્ષ ઓબીસી ઉમેદવારો માટે

iii) સરકારી કર્મચારીઓ - સીઆઈએસએફ કર્મચારીગણ સહિત - સામાન્ય માટે અને ઓબીસી ઉમેદવારો માટે ૪૦ વર્ષ અને એસસી / એસટી ઉમેદવારો માટે ૪૫ વર્ષ.

**શૈક્ષણિક અને અન્ય લાયકાતો :**

૧) માન્ય બોર્ડમાંથી મેટ્રિક્યૂલેશન અગર સમકક્ષ.

૨) માન્ય ડ્રાઈવિંગ લાયસન્સ એ) હેવી મોટર વ્હીકલ અથવા ટ્રાન્સપોર્ટ વ્હીકલ્સ અને સી) ગીયર વાળી મોટર સાયકલ માટે.

૩) હેવી મોટર વ્હીકલ / ટ્રાન્સપોર્ટ વ્હીકલ અથવા લાઈટ મોટર વ્હીકલ અને મોટર સાયકલ ચલાવવાનો ૩ વર્ષનો અનુભવ જે અરજીની બંધ તારીખના રોજ હોવો જોઈએ. અનુભવ લાઈટ મોટર વ્હીકલ લાયસન્સ અપાયાની તારીખથી ગણવામાં આવશે.

**શારીરિક ધોરણો :-**

| | | ઊંચાઈ | છાતી |
|---|---|---|---|
| એ | જનરલ એસસી અને ઓબીસી | ૧૬૭ સે.મી. | ૮૦ સે.મી. લઘુત્તમ ફુલાવા<br>૦૫ સે.મી. સાથે એટલે કે **૮૦-૮૫ સે.મી.** |
| બી | છૂટછાટના ધોરણો :<br>i)ગઢવાલીઝ, કૂમાઓનીઝ, ગોરખાઝ, ડોગરા, મરાઠા, અને અરૂણાચલ પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા અને જમ્મૂ અને કાશ્મિર રાજ્યના રહેવાસી વ્યક્તિ જે માટે નિર્દિષ્ટ પત્રકમાં ભરેલું પ્રમાણપત્ર રજૂ કરવાને આધીન રહેશે. | ૧૬૦ સે.મી. | ૭૮ સે.મી. લઘુત્તમ ફુલાવા<br>૦૫ સે.મી. સાથે એટલે કે ૭૮-૮૩ સે.મી. |
| સી | અનુસૂચિત જનજાતિના તમામ ઉમેદવારો માટે | ૧૮૦ સે.મી. | ૭૬ સે.મી. લઘુત્તમ ફુલાવા<br>૦૫ સે.મી. સાથે એટલે કે ૭૬-૮૧ સે.મી. |
| ડી | ભૂતપૂર્વ સેવાકર્મી ઉમેદવારો શારીરિક ધોરણોમાં તમામ છૂટછાટને પાત્ર રહેશે. | | |

**અરજી કેવી રીતે કરવી :**

સંબંધિત આરઆરસીઝના ઓનલાઈન મૉડ દ્વારા અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી જમા કરાવવાની સુવિધા સીઆઈએસએફની વેબસાઈટ https ://cisfrectt.in પર ઉપલબ્ધ છે, ઓનલાઈન અરજી જમા કરાવવાની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ઓનલાઈન અરજી જમા કરનાર ઉમેદવારોને રૂા. ૧૦૦ (રૂપિયા સો માત્ર) જમા કરાવવાની રહેશે જે સ્ટેટ બેંક ચલાન અથવા નેટ બેંકિંગ / ક્રેડિટ / ડેબિટ કાર્ડ કોઈ પણ બેંકના મારફતે કરવાના રહેશે.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ભૂતપૂર્વ સેવાકર્મીઓ જે અનામત માટે માન્ય છે તેઓને ફી ચૂકવવામાંથી છૂટ આપવામાં આવે છે.

**જાહેરાતની સંપૂર્ણ વિગતો માટે, અરજદારે તા. ૧૦.૨.૨૦૧૮ના રોજ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ / રોજગાર સમાચારમાં પ્રકાશિત જાહેરાત / જાહેરાતનામાને વાંચી જવું અને સીઆઈએસએફ વેબસાઈટ એટલે કે https://cisfrectt.in ની મુલાકાત લેવી. ઉમેદવારે જગ્યા માટે અરજી કરતા પહેલાં જાહેરાતનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.**

**બંધ તારીખ : ઓનલાઈન અરજી જમા કરાવવાની બંધ તારીખ ૧૯.૩.૨૦૧૮ છે જેમાં ઉત્તર પૂર્વ પ્રદેશના ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.**

# સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આખરી સ્ટેજ – G.D.P.I.

જ્યારે ડિયર સ્ટૂડન્ટ સ્પર્ધાત્મક પરીક્ષાની લેખિત કસોટી પાસ કરીને પર્સનલ ઈન્ટરવ્યૂ (P.I.) ના અંતિમ તબક્કે પહોંચે ત્યારે પોતાની કારકિર્દીરૂપી જહાજ હવે છેક કાંઠે આવીને ડૂબી ન જાય, તેની બીક પણ સતાવતી હોય છે. આથી પ્રસ્તુત લેખમાં ઈન્ટરવ્યૂમાં મહંદઅંશે પુછાતા પ્રશ્નોની ચર્ચા કરી છે, તેમજ M.Phil. / Ph.D. કક્ષાના અભ્યાસક્રમમાં એન્ટ્રી મેળવવાથી શરૂ કરીને ઘણી મલ્ટી નેશનલ કંપનીઓના ઈન્ટરવ્યૂના ભાગરૂપે યોજાતા ગ્રુપ ડિસ્કશન (G.D.) ની પણ ચર્ચા કરી છે. આશા છે, કે રોજગારી વાંચ્છુક યુવા વર્ગ માટે આ લેખ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ બની રહેશે.

**જોબ ઈન્ટરવ્યૂમાં પુછાતા પ્રશ્નો :**

૧. ફોર્મલ પ્રશ્નોને બદલે ઈનફોર્મલ પ્રશ્નો : ઈન્ટરવ્યૂની શરૂઆતમાં ઉમેદવારને પરંપરાગત ઔપચારિક પ્રશ્નો પુછવાને બદલે 'ઈન્ટરવ્યૂનું સ્થળ મળી ગયું ને ?', 'શોધવામાં તકલીફ નથી પડીને ?', 'ઠંડી / ગરમી કેવી પડે છે ?', 'તમે ક્યાંથી ?, કેવી રીતે આવ્યા?' વગેરે જેવા ઈનફોર્મલ પ્રશ્નો પૂછીને ઉમેદવારનો આત્મવિશ્વાસ વધારવામાં આવે છે.

૨. મોસ્ટ IMP પ્રશ્નો : ઉમેદવારે કરેલી અરજી અને બાયોડેટાની વિગતો લઈને બેઠેલા હોય છે. આથી તેઓ બાયોડેટામાં અપાયેલી માહિતીને ઊંડાણથી પુછતા હોય છે. ખાસ કરીને જે – તે સ્ટ્રીમ પસંદ કરવાનું કારણ, ટકાવારી ઓછી આવવાનું કારણ જેવા પ્રશ્નોના જવાબમાં ઉમેદવારને નકારાત્મક કે હકારાત્મક અભિગમ રજૂ થાય છે તે જોવામાં આવે છે.

સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં ઉમેદવારની 'હોબી' ખાસ પુછવામાં આવતી હોય છે. ઉમેદવાર ઉત્સાહથી પોતાની હોબી જણાવે, એટલે તરત જ ઉમેદવારને તેની હોબીને લગતા પ્રશ્નો પુછવામાં આવે છે. આ પ્રશ્નોના જવાબમાં ઉમેદવાર થાપ ખાય, તો ઉમેદવારને પોતાની ગમતી હોબીના જ પ્રશ્નોના જવાબ આવડતા નથી તેવું સાબિત થાય છે. જે ઉમેદવાર માટે નુકશાનકારક બને છે.

અમુક પ્રકારની જોબના ઈન્ટરવ્યૂમાં 'લેંગ્વેજ નોન' એટલે કે કેટલી અને કઈ કઈ ભાષાઓ જાણે છે, તેના પર ભાર મૂકવામાં આવે છે. અહીં ઉમેદવારે જે તે ભાષાનું સમજ પુરતું, બોલવા પુરતું કે લખવા – વાંચવા પુરતું જ્ઞાન છે, તે ચકાસવામાં આવે છે.

ઉપરોક્ત પ્રશ્નો ઉપરાંત ઉમેદવારનું પોતે જે પોસ્ટ માટે સંસ્થામાં ઈન્ટરવ્યૂ આપી રહ્યો છે, તેની કેટલી જાણકારી છે, તે અંગેના પ્રશ્નો પણ હંમેશા પુછાતા હોય છે.

૩. પૂરક / મલ્ટીપલ પ્રશ્નો : કેટલીકવાર ઈન્ટરવ્યૂઅરે પુછેલા પ્રશ્નોના ઉમેદવારે આપેલા જવાબને આધારે વધુ માહિતી મેળવવા પૂરક પ્રશ્નો પુછવામાં આવે છે. પૂરક / મલ્ટીપલ પ્રશ્નોને આધારે ઉમેદવારને જે તે ટોપિકનું ઊંડાણપૂર્વકનું કેટલું જ્ઞાન છે, તે ચકાસવામાં આવે છે. જોકે ઉમેદવારના પક્ષે એક મહત્વની બાબત એ છે, કે જે તે ટોપિકના પૂરક પ્રશ્નો પુછવાને કારણે અન્ય ટોપિકના પ્રશ્નો ઓછા પુછી શકાય છે. અહીં ઈન્ટરવ્યૂઅર દ્વારા 'શું તમારે જવાબ હંમેશા દરેક પરિસ્થિતિમાં આજ રહેશે ?' એમ પુછીને ઉમેદવારની વિચારશક્તિ / કલ્પનાશક્તિ ચકાસવામાં આવે છે.

૪. પડકાર ફેંકતા ચેલેન્જિંગ પ્રશ્નો : કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર, ઉમેદવારને પડકાર ફેંકે છે, આ માટે, તેઓ ઉમેદવારના જવાબ બાદ, "માફ કરશો, પણ હું આ અંગે તમારી સાથે સંમત નથી," એમ કહીને ઉમેદવારને તેઓના જવાબની તરફેણમાં વધુ સારી સચોટ દલીલો કરવા માટે પ્રેરે છે. કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર "તમે આવું ખાતરીપૂર્વક કઈ રીતે કહી શકો ?" કહીને ઉમેદવાર પાસેથી પૂરાવો પણ માંગે છે. પડકારયુક્ત પ્રશ્નો પુછવાનો આશય મહદ્અંશે ઉમેદવારનો આત્મવિશ્વાસ ચકાસવાનો હોય છે.

કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર "તમે આ જોબ માટે પૂરતી લાયકાત ધરાવો છો, તેવું સાબિત કરો." અથવા "અમારે આ જોબ તમને કેમ આપવી જોઈએ તેના કારણો જણાવો." જેવા પ્રશ્નો પણ પૂછે છે.

૫. ઓપન હેન્ડેડ પ્રશ્નો : જે પ્રશ્નોના જવાબ ચોક્કસ હોય, તો તેને 'ક્લોઝ્ડ' પ્રશ્નો કહેવાય. જ્યારે જે પ્રશ્નોના જવાબ ચોક્કસ ન હોય, તેવા પ્રશ્નોને 'ઓપન હેન્ડેડ' પ્રશ્નો કહેવાય. અગાઉના જમાનામાં જોબ ઈન્ટરવ્યૂમાં 'ક્લોઝ્ડ' પ્રશ્નો વધુ પુછાતા હતા. જ્યારે આજ-કાલ જોબ ઈન્ટરવ્યૂમાં 'ઓપન હેન્ડેડ' પ્રશ્નો વધુ પુછવામાં આવે છે.

ઓપન – હેન્ડેડ પ્રશ્નોના ઉદાહરણોમાં "દસ વર્ષો બાદ આ સંસ્થા કયા તબક્કે હશે ?", "અગામી દસ વર્ષો બાદ આપ કયાં અને કઈ પરિસ્થિતિમાં હશો ?", "તમે ફાયનાન્સ મિનીસ્ટર હોવ, તો કોર્પોરેટ સેક્ટર અંગે કેવી નીતિ ઘડશો?" "વર્તમાન કાયદામાં કયા ફેરફાર કરવાની કે નવા કાયદા અમલમાં લાવવાની જરૂર છે ?" વગેરેનો સમાવેશ થાય છે.

ઓપન હેન્ડેડ પ્રશ્નોના જવાબ કોઈ ચોક્કસ કે રેડી રેકનર હોતા નથી. આવા પ્રશ્નોના જવાબ સ્થળ, સમય,

## રોજગારની આસપાસ

**- રાજેન્દ્ર ઉપાધ્યાય**

પરિસ્થિતી મુજબ બદલાતા રહે છે. આથી ઉમેદવારે આવા પ્રશ્નોના જવાબની કોઈ ખાસ તૈયારી કરવાની રહેતી નથી.

જોબ ઈન્ટરવ્યૂની સફળતાનો આધાર ઉમેદવારે પ્રશ્નોના જવાબ કયા આપ્યા છે, તેને બદલે જવાબ કઈ રીતે આપ્યા છે, તેના પર વધુ રહેલો છે. અહીં ઉમેદવારે પ્રશ્નોના જવાબ આપવામાં લીધેલો સમય, જવાબમાં ઉપયોગમાં લીધેલા શબ્દો, આરોહ – અવરોહ, બોડી લેંગ્વેજ વગેરેને વધુ મહત્વ આપવામાં આવે છે. ક્લોઝ્ડ પ્રશ્નોના જવાબમાં ઓછો સમય લાગતો હોય છે. જ્યારે ઓપન હેન્ડેડ પ્રશ્નોના જવાબને વિચારવામાં વધુ સમય આપવામાં આવતો હોય છે. એક અંદાજ મુજબ જોબ ઈન્ટરવ્યૂની સફળતાનો ૧૫% આધાર ઉમેદવારે પ્રશ્નોના જવાબ આપવામાં લીધેલ સમય પર રહેલો છે.

ઉમેદવારની નીતિમત્તા ચકાસવા માટે "તમારી સફળતાનો યશ કોને આપશો અને કયાવ ક્રમમાં ? શા માટે ?" કે "તમારી નિષ્ફળતા માટે કોને કોને જવાબદાર ઠેરવશો ? કયા ક્રમમાં ? શા માટે ?" વગેરે જેવા પ્રશ્નો પુછવામાં આવે છે. જોબ ઈન્ટરવ્યૂમાં ઉમેદવારે પણ કામના કલાકો, કામની સ્થિતિ, કામની શરતો, રજાઓ વગેરેને લગતા પ્રશ્નો સમગ્ર ઈન્ટરવ્યૂ દરમિયાન વાત – વાતમાં પુછીને 'જોબ' ની સાથો સાથ 'જોબ સેટીશફેક્શન' પણ મળે તે જોવું જોઈએ.

**ગ્રુપ ડિસ્કશન (G.D.) ની તૈયારી :**

'કોઈપણ વ્યક્તિ પોતાની સમકક્ષ સમૂહમાં પોતાની અભિવ્યક્તિ કેવા શબ્દોમાં, કેવી રીતે રજૂ કરી શકે છે, તેની જાણકારી મેળવવાના હેતુથી ચોક્કસ વિષય પર નિશ્ચિતસમય મર્યાદામાં કરાતી ચર્ચા એટલે ગ્રુપ ડિસ્કશન.' ગ્રુપ ડિસ્કશનમાં કોમન ઈન્ટરેસ્ટ ગ્રુપની સભ્ય સંખ્યાને બે કે વધુ વિભાગોમાં વહેંચી દેવામાં આવે છે. એક જ વિષયની બે બાજુઓ – પોઝિટીવ તેમજ નેગેટીવ એમ 'પક્ષ' અને 'વિપક્ષ' માં અલગ અલગ ગ્રુપના સભ્યોએ બોલવાનું રહે છે. બન્ને ગ્રુપના સભ્યો પોતાનું વ્યક્તિત્વ પરફોર્મન્સ ચડિયાતું રહે તે માટે ધારદાર દલીલો કરતા હોય છે. પોતાની રજૂઆત કરવા માટે દરેક સ્પર્ધકોને પૂરતો સમય તેમજ પેન – નોટબુકનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવે છે. અહીં રેફરી / ઓબ્ઝર્વરનો નિર્ણય અંતિમ રહે છે.

### ૧. ગ્રુપ ડિસ્કશન (G.D.) માં સફળતા મેળવવા માટે શું કરવું ? :

- પોતાના હરિફ સ્પર્ધકો સાથે સ્મિત સાથે હાથ મેળવવા, રેફરી તેમજ ઓબ્ઝર્વરને પણ સ્માઈલ આપીને બન્ને હાથ ભેગા કરીને 'નમસ્તે' કરવું.
- ગ્રુપ ડિસ્કશનના વિષયને સાંભળવામાં કોઈ કચાશ રહી ગઈ હોય, તેમ લાગે તો પૂરતી વિનમ્રતાથી રેફરીને જે તે વિષયનું શીર્ષક પુછી લેવું, વિષયને પૂરતો સમજ્યા બાદ જે વિષયની તરફેણમાં તેમજ વિરૂદ્ધમાં કેટલી અને કેવી દલીલ કરી શકશો તે વિચારીને ત્યારબાદ જ વિષયની તરફેણ કે વિરૂદ્ધમાં બોલવાનો નિર્ણય લેવો.
- જ્યારે અન્ય સ્પર્ધક રજૂઆત કરતો હોય, ત્યારે તેને સંપૂર્ણપણે શાંતીથી સાંભળવો અને તેની રજૂઆતના મુખ્ય મુદ્દાઓની નોંધ કરીને તેની વિરૂદ્ધમાં કઈ દલીલ થઈ શકે તે વિચારવું.
- જ્યારે રજૂઆત કરવાનો પોતાનો સમય આવે, ત્યારે 'તમારી રજૂઆત ખોટી છે.' તેમ કહેવાને બદલે 'માફ કરશો, પણ આ અંગે મારો મત આપના મત કરતાં તદ્દન અલગ છે.' અથવા 'તમે તમારી જગ્યાએ તમારા મત મુજબ સાચા હોઈ શકો છો, પણ મારા દૃષ્ટિકોણ મુજબ જોવા જઈએ તો...' કહેવું જોઈએ.
- ગ્રુપ ડિસ્કશનને 'ચેસ' ની રમત સાથે સરખાવીને ચેસની રમતની જેમ હરિફના સ્ટેપનો પ્રત્યુત્તર જ નહીં, પરંતુ તેના બાદમાં સંભવિત સ્ટેપનો વિચાર પણ કરવો જ રહ્યો.
- મજબુત સ્પર્ધક સાથે આઈ-કોન્ટેક બનાવી રાખવો, જેનાથી આત્મવિશ્વાસ વધે છે, જ્યારે ગ્રુપ ડિસ્કશનમાં વિષયનું ડાયવર્ઝન (વિષયાંતર) થઈ જતું લાગે, ત્યારે તેને ફરીવાર મૂળ વિષય પર લાવવાનો પ્રયત્ન કરવો. આવા હકારાત્મક પ્રયત્ન કરવા બદલ બોનસ પોઈન્ટ મળે છે.

### ૨. ગ્રુપ ડિસ્કશન (G.D.) માં નિષ્ફળતાથી બચવા શું કરવું ? :

- ક્યારેય હરિફ સ્પર્ધકની હાંસી ન ઉડાડવી. ચર્ચા દરમિયાન કોઈપણ ધર્મ / જ્ઞાતિ /દેશ / સરકાર તેમજ સરકારી નીતિની ટીકા ન કરવી.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશનમાં વધુ પડતા વૈધિક (ફોર્મલ) કે અવૈધિક (ઈનફોર્મલ) ન બનવું.
- ગ્રુપ ડિસ્કશનએ કુસ્તીનો અખાડો ન માનવો. સ્પર્ધક / હરિફને દુશ્મન ન ગણવો.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશન દરમિયાન પોતાની રજૂઆત મક્કમતાથી કરવી, પરંતુ ઉગ્ર કે આક્રમક ન બનવું.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશન દરમિયાન બિન સંસદીય શબ્દોનો પ્રયોગ ન કરવો. કોઈ સ્પર્ધકની લાગણી દૂભાય તેવી રજૂઆત ન કરવી.
- બોલતી વખતે અચકાતા સ્પર્ધકની હાંસી ન ઉડાડવી. કોઈપણ હરિફથી બોલવામાં ભૂલ પડે, તો હસીને મજાક ન ઉડાડવી.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશનમાં મોટા અવાજે રજૂઆત ન કરવી.
- રજૂઆત દરમિયાન આંકડાકીય માહિતી રજૂ કરવી પડે તો તે પ્રમાણભૂત (સ્ટાન્ડર્ડાઈઝડ) હોય, તે જરૂરી છે.
- પોતાના હરિફ / સ્પર્ધકની વ્યૂહરચના (સ્ટ્રેટેજી / ગેઈમપ્લાન) નું આંધળું અનુકરણ ન કરવું.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશન દરમિયાન લગભગ, મોટે ભાગે, કદાય ૯૯.૯૯% આશરે જેવા શબ્દોનો ઉપયોગ ન કરવો.
- ગ્રુપ ડિસ્કશન દરમિયાન પોતાની બોડી લેંગ્વેજનું ખાસ ધ્યાન રાખવું. હરીફ સ્પર્ધક કરતાં વધુ સારી રજુઆત થાય, ત્યારે ખુશી થાયએ સ્વાભાવિક છે, પરંતુ તેના અતિરેકમાં હરિફ સ્પર્ધક સમક્ષ 'થમ્સ ડાઉન' જેવો નકારાત્મક ઈશારો કરવો નહીં.

### રોજગારી T-૨૦,

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં લેખિત પરીક્ષા બાદ લેવાતા પર્સનલ ઈન્ટરવ્યૂ (P.I.) ઉમેદવાર ઈન્ટરવ્યૂઅર સાથે જેટલો વધુ સમય આઈ-કોન્ટેકમાં રહેશે, તેટલું તેના હિતમાં રહેશે. એક સંશોધન મુજબ ઈન્ટરવ્યૂમાં સાંભળનાર વ્યક્તિએ બોલનાર વ્યક્તિની સામે ૭૦% સમય આઈ-કોન્ટેક રાખે છે. જ્યારે બોલનાર વ્યક્તિએ સાંભળનાર વ્યક્તિ સાથે ૪૦% સમય આઈ-કોન્ટેક રાખે છે. જેમાં બન્ને વ્યક્તિઓનો એકબીજાની સામેનો સરેરાશ આઈ-કોન્ટેક ૩૦% થી વધુ હોતો નથી અને તેમાં પણ આઈ-કોન્ટેકની લંબાઈ એકજ સમયે ૧૨ સેકન્ડથી વધતી નથી.

જ્યારે પર્સનલ ઈન્ટરવ્યૂ (P.I.) પહેલા કે પછી લેવાતા ગ્રુપ ડિસ્કશન (G.D.) ના સફળતાના માપદંડો અનુરૂપ ડ્રેસીંગ, યોગ્ય હાવ-ભાવ, આત્મવિશ્વાસ, યોગ્ય અને હકારાત્મક રજૂઆત, વિવેકી વ્યક્તિત્વ વગેરે છે !!!

# Indian Oil Corporation Ltd.

**Refineries Division**

**Guwahatl· GRIPIRectt.l18, Gujarat· JR/21201 8, Haldia· PHIR/0112018, Bongaigaon- BGR/0112018, Paradip· PDRIHR/01/Rectt-18, Panlpat· PR/PI41 (2017-18)**

- On-line registration of application commences on 17.02.2018 (10:00 Hrs) and closes on 10.03.2018 (17:00 Hrs).
- The link to the on-line registration of the application has been hosted on the website www.iocl.com
- The Written Test Is likely to be held in the month of March 2018.

**REQUIREMENT OF EXPERIENCED NON-EXECUTIVE PERSONNEL**

Indian Oil Corporation Limited the largest commercial undertaking in India and a Fortune "Global 500' company requires result oriented experienced personnel with initiative and enterprise for its Refineries at Guwahati & Bongaigaon (Assam), Vadodara (Gujarat), Haldia (West Bengal), Paradlp (Odisha) and Panipat(Haryana).

On-line Applications are invited from bright, young and energetic persons of Indian Nationality for the following posts in the pay scale of Rs. 11,900·32,0001/-

| Code | Name of | Refinery | Vacancies Per Refinery | | | | | | EXM |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Total | UR | SC | ST | OBC (NCL) | Pw BD | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 101 | Junior Engineering Assistant-IV (Production) | Guwahati | 20 | 10 | 0 | 3 | 7 | 0 | As per Govt. guidelince |
| | | Bongaigaon | 20 | 10 | 2 | 2 | 6 | 0 | |
| | | Gujarat | 32 | 16 | 2 | 7 | 7 | 0 | |
| | | Haldia | 24 | 12 | 5 | 1 | 6 | 0 | |
| | | Paradip | 15 | 4 | 0 | 10 | 1 | 0 | |
| | | Panipat | 8 | 4 | 1 | 0 | 3 | 0 | |
| 102 | Jonior Engineering Assistant-IV (P & U) | Guwahati | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Bongaigaon | 2 | 1 | 0 | 1 | 0 | 0 | |
| | | Gujarat | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| | | Haldia | 7 | 4 | 1 | 1 | 1 | 0 | |
| | | Paradip | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Panipat | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| 103 | Jonior Engineering Assistant-IV (Electrical)/ Junior Technical Assistant-IV | Guwahati | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| | | Bongaigaon | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Gujarat | 9 | 4 | 1 | 2 | 2 | 2 (PL-1, PH/PL-1 | |
| | | Haldia | 4 | 2 | 1 | 0 | 1 | 0 | |
| | | Paradip | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| | | Panipat | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| 104 | Jonior Engineering Assistant-IV (Mechanical) / Junior Technical Assistant-IV | Guwahati | 7 | 3 | 0 | 1 | 3 | 0 | |
| | | Bongaigaon | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Gujarat | 3 | 2 | 0 | 0 | 1 | PH-1 | |
| | | Haldia | 7 | 4 | 1 | 1 | 1 | 1(PL) | |
| | | Paradip | 2 | 2 | 0 | 0 | 0 | 0 | |
| | | Panipat | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| 105 | Jonior Engineering Assistant-IV (Instrumentation) / Junior Technical Assistant-IV | Guwahati | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| | | Bongaigaon | 1 | 0 | 0 | 0 | 0 | 1* | |
| | | Gujarat | 5 | 3 | 1 | 1 | 0 | PH/ PL-1 | |
| | | Haldia | 2 | 1 | 1 | 0 | 0 | 0 | |
| | | Paradip | 2 | 1 | 0 | 1 | 0 | 0 | |
| | | Panipat | 4 | 2 | 1 | 0 | 1 | 1(PL/ PH/PV/ Multiple | |
| 106 | Jonior Control Analys-IV | Guwahati | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Bongaigaon | 3 | 1 | 0 | 1 | 1 | 1* | |
| | | Gujarat | 5 | 3 | 0 | 0 | 2 | 0 | |
| | | Haldia | 2 | 1 | 0 | 1 | 0 | 1(PL/PH/ PV/ Multiple | |
| | | Paradip | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Panipat | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| 107 | Jonior Engineering Assistant-IV (Fire & Safety) | Guwahati | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Bongaigaon | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| | | Gujarat | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| | | Haldia | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Paradip | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Panipat | 1 | 1 | 0 | 0 | 0 | 0 | |
| 108 | Jonior Engineering Assistant-IV Jounior Technical Assistant-IV | Guwahati | 0 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | | Bongaigaon | 1 | 0 | 0 | 1 | 0 | 1* | |
